Lakeridge Health



Cynthia Davis
અધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી



Dr. Tony Stone
કર્મચારીવર્ગના અધ્યક્ષ

**મે 2021**

**પ્રિય મિત્રો અને પાડોશીઓ,**

Lakeridge Health પ્રત્યે તમારું ચાલુ રહેલું પ્રોત્સાહન તેમજ COVID-19નાં ફેલાવાને રોકવા માટેનાં તમારા પ્રયાસો બદલ તમારો આભાર. આપણા સમુદાય તેમજ સ્વાસ્થ્ય સંભાળનાં સહભાગીઓના સહયોગથી, આપણે થોડા જ સમયમાં અતિશય પ્રમાણમાં તીવ્ર થતા જતા કોરોનાના દરને રોકવામાં સફળતા મેળવી રહ્યાં છીએ. **આપણે સાથે મળીને કાર્ય કરતા હોવાથી આપણે સફળતાનાં સોપાન સર કરી શકવાની અણી પર છીએ.**

આ સહકાર્ય એવું સફળતાનું દૃષ્ટાંત છે કે કેવી રીતે આપણે, એક સમુદાયમાં વસીને, આપણા સકારાત્મક પ્રભાવ અને હેતુસભર જીવન જીવતાં જીવતાં, *"એક પ્રણાલી. શ્રેષ્ઠત્તમ સ્વાસ્થ્ય."*ની દૂરદર્શિતાને કેળવીએ છીએ. અમે અમારા સર્વે સ્વાસ્થ્ય સંભાળનાં પ્રદાતાઓની અંતરપૂર્વક કદર કરીને આભારની લાગણી પ્રગટ કરવા માગીએ છીએ કે જેઓએ એક સ્વાસ્થ્યપ્રદ સમુદાયને આગળ ધપાવવા અને તેનું રક્ષણ કરવા અમારી સાથે કામ કરવાનું ચાલુ રાખ્યું છે.

તમે એ બાબતે વાકેફ છો કે, વૈશ્વિક રોગચાળાની માહિતી અનુસાર SARS-CoV-2 માટેનાં વેરિઅન્ટ ઑફ કન્સર્નને લીધે આ વૈશ્વિક રોગચાળાનું તૃતીય અને સૌથી વધુ આક્રમણશીલ મોજું આવ્યું છે. તેમ છતાં, એક બાજુથી જ્યારે મધ્ય-એપ્રિલથી પુષ્ટિ કરાયેલા કેસિસમાં ક્રમશઃ ઘટાડો થતો જાય છે, ત્યારે બીજી બાજુ COVID-19 માટે હૉસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓની સંખ્યામાં, તેમજ જે દર્દીઓને ICUમાં દાખલ કરાયેલા છે, તેમની સંખ્યા Ontario અને Durham ક્ષેત્રમાં **ખૂબ જ વધારે** રહેવાનું ચાલુ છે.

તૃતીય મોજાંરૂપી લાંબાગાળા દરમિયાન કોરોનાવાયરસનાં આ ઉતાર-ચડાવનાં વલણને લીધે Lakeridge Healthને કેટલાક કઠોર નિર્ણયો લેવા માટેની ફરજ પડી છે. કદાચ તમે એ બાબતે વાકેફ છો કે, ICUની સંખ્યામાં તેમજ કટોકટીભરી સંભાળ લેવા માટેનાં બેડ્ઝમાં વૃદ્ધિ કરવી પડી હોવાથી, અમારે બિન-કટોકટીભરી શસ્ત્રક્રિયાઓ તેમજ હરવાફરવાનું સક્ષમ બનાવવા માટેની સેવાઓને હંગામી ધોરણે અટકાવવી દેવી પડી હતી. આમ કરવાથી, અમે COVID-19નાં દર્દીઓની તાકીદની જરૂરિયાતો અંગેની સારવાર કરવા માટે જગ્યા ફાળવવાની સાથોસાથ કર્મચારીવર્ગને પણ કામે લગાડી દીધા છે. અમે એવી અપેક્ષા સેવીએ છીએ કે જેટલું જલદી અમે સુરક્ષિતપણે આમ કરી શકીશું તેટલું જ જલદી અમે આ સેવાઓને ફરીવાર ચાલુ કરી શકીશું.

Lakeridge Healthએ સમગ્ર દક્ષિણપૂર્વ ઑન્ટેરિયોમાં આવેલી હૉસ્પિટલોનાં પ્રાદેશિક માળખાં પૈકીનું એક પ્રાદેશિક માળખું પણ છે. પાછલા અનેક અઠવાડિયાઓમાં, આ પડકારાત્મક સમય દરમિયાન, અમારી હૉસ્પિટલે પ્રત્યેક દર્દીને સૌથી સુરક્ષિત અને ઉત્તમોત્તમ ગુણવત્તાની સંભાળ લેવામાં આવે એ બાબત સુનિશ્ચિત કરવા માટે દર્દીઓને કાં તો દાખલ કર્યા છે અથવા તો તેમને અન્ય હૉસ્પિટલોમાં ખસેડ્યા છે.

## પારસ્પારિકપણે સંભાળ લેવી

આ પાછલા કેટલાક મહિનાઓ સમગ્ર Lakeridge Healthના તંત્રમાં નિવાસ કરનાર પ્રત્યેક વ્યક્તિ માટે તણાવપૂર્ણ તેમજ થકવી નાખનારા નીવડ્યા છે. જે રીતે અમારી ટુકડીનાં સભ્યોએ વ્યાવસાયિકતા અને દૃઢનિશ્ચયતાથી બેનમૂન મનોતાણનો સામનો કર્યો છે તેનાંથી અમે અત્યંત ઉલ્લાસિત બન્યાં છીએ. અમે એ બાબતની ખાતરી રાખવા અત્યંત કાળજી લીધી છે કે અમારી ટુકડીને અતિરિક્ત સ્વાસ્થ્ય અને સુખાકારીનું સમર્થન ઉપલબ્ધ બનાવવામાં આવે, અને સાથોસાથ આપણી મૂલ્યવાન નિગમિત સંસ્કૃતિને જાળવવા અને મજબૂત બનવવા સંદેશાવ્યવહારમાં તેમજ વ્યક્તિગત કર્મચારીઓને તેમનાં વિશેષ પ્રદાનો માટે ભેટ, પુરસ્કાર, સહેલગાહ, ઈનામ તેમજ અન્ય પારિતોષિકોથી સન્માનવા જેવા કાર્યક્રમોની વૃદ્ધિ કરવામાં આવે.

અમે એટલા કૃતજ્ઞ બન્યા છીએ કે આપણા સમુદાયમાંથી તમારામાંથી અનેક લોકોનાં પ્રેરણાવર્ધનનાં અને અનુમોદનનાં અસંખ્ય સંદેશા અમને પ્રાપ્ત થયા છે - સામાજિક મીડિયાનાં લખાણો, ઈમેઈલ્સ, તંત્રીને લખાયેલા પત્રો, રંગવામાં આવેલા પથ્થરો, બાળકો દ્વારા દોરવામાં આવેલા ચિત્રો, અને એવી અનેક વસ્તુઓ. અમારી ટુકડીએ પ્રત્યેક જણને વ્યક્તિગત રીતે સકારાત્મક લાગણીનાં દાખવેલા ઉમળકાનાં પ્રતિભાવરૂપે કદર કરી છે. આભાર!

## રસી (વૅક્સિન)કારણ માટેની વહેંચણી
અમે એ બાબતથી પ્રોત્સાહિત થયા છીએ કે તમારામાંથી અનેક લોકોએ COVID-19ની રસી (વૅક્સિન) મૂકાવવા માટેની પસંદગી દર્શાવી છે. કૅનેડાની જનતા અત્યંત ખુશનસીબ છે કે રસી (વૅક્સિન)ઓ હવે ઘણાં વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. COVID-19ની રસી (વૅક્સિન), કે જેને અત્યારે ચાલી રહેલી સ્વાસ્થ્ય અને સલામતીની પ્રણાલીઓ સાથે ભેળવવામાં આવી છે, આપણને એવો શ્રેષ્ઠ માર્ગ ચીંધે છે કે જેનાં દ્વારા આપણે આગળ ધપીને છેવટે આ ભયજનક વાયરસને નાથવા માટેનો પ્રબંધ કરી શકીએ.

સમગ્ર Durham ક્ષેત્રમાં સામૂહિક રસી (વૅક્સિન)કરણનાં કેન્દ્રોમાં, મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિનાં કેન્દ્રોમાં, હરતાફરતા કેન્દ્રોમાં, કાર્યસ્થાન રસીકરણનાં કેન્દ્રોમાં, તેમજ ઔષધાલયોમાં **300,000**થી પણ વધુ રસી (વૅક્સિન)નાં ડોઝિસ આપવામાં આવ્યા છે. નિઃશંક રહો કે જેમ-જેમ વધુ રસી (વૅક્સિન)નો પુરવઠો ઉપલબ્ધ બનાવવામાં આવે છે, તેમ-તેમ વધુને વધુ આયોજિત મુલાકાતો ગોઠવવા માટેનો અવકાશ વિસ્તરતો જશે. ક્ષેત્રભરમાં અગ્રતા ધરાવતી વસ્તીઓ તેમજ આયોજિત મુલાકાતો અંગેની ઉપલબ્ધતા બાબતની નિયમિત છેલ્લામાં છેલ્લી માહિતી માટે કૃપા કરીને ડરહમ ક્ષેત્રની વેબસાઈટની મુલાકાત લો.

## દર્દી તેમજ પરિવાર-પ્રથમનાં મંત્રરૂપી કર્તવ્યને લગતા ઉકેલો
આ વિશ્વવ્યાપી રોગચાળાએ આપણે આપણા સૌથી વધુ નિર્બળ દર્દીઓ પૈકીનાં કેટલાક નિર્બળ દર્દીઓને યોગ્ય સંભાળ લેવા માટે, બન્ને જગ્યાએ, હૉસ્પિટલમાં અને સમુદાયમાં, યોગ્ય સ્થાનમાં ગોઠવવા માટે કેવી રીતે સ્ત્રોતોનો બહોળા પ્રમાણમાં લાભ લઈ શકીએ એ બાબત આપણી ચિંતનશક્તિને આગળ ધપાવવામાં આપણને મદદ કરી છે. જેમ પાછલા કેટલાક વર્ષોમાં Ontarioની હૉસ્પિટલોમાં જોવા મળે છે તે રીતે, Lakeridge Healthએ પણ એવા અનેક હૉસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓમાં સૂચકપણે વૃદ્ધિ જોઈ છે, પછી ભલે આવા દર્દીઓને તીવ્ર અલ્પકાલીન બીમારી ધરાવતી હૉસ્પિટલમાં સંભાળ લેવાની જરૂર ન હોય. આપણે જાણીએ છીએ કે એક હૉસ્પિટલનાં માળખાંમાં આવી રીતે લાંબા સમય સુધી દાખલ રહેવું, વિશેષ કરીને શરીર નબળું પડી ગયું હોય તેવા વૃદ્ધો માટે, સ્વાસ્થ્યને વણસવા દેવામાં અને શારીરિક યોગ્યતાને ગુમાવવામાં પરિણમી શકે છે.

અમારી નૈદાનિક ટુકડીઓ પ્રત્યેક દર્દીની જરૂરિયાતો અને ઇચ્છાઓ પ્રત્યે સહયોગાત્મક અભિગમ લઈ રહી છે. તેઓ સામુદાયિક ભાગીદારો, લાંબા ગાળાની સંભાળ માટેનાં ઘરો, તેમજ પરિવારો અને સંભાળ રાખનારાઓ સાથે એક ટુકડી તરીકે સહયોગ આપે છે, કે જેથી કરીને એવા સારા ઉકેલો શોધી શકાય કે જેનાંથી દર્દીઓને કાં તો તેમનાં પોતપોતાનાં ઘરે પરત થઈ શકવામાં સહાયતા કરી શકાય અથવા તો કોઈ અન્ય સંભાળનાં વાતાવરણમાં સ્થાનાંતરિત કરી શકવામાં મદદરૂપ બની શકાય કે જે દર્દીઓની જરૂરિયાતો માટે આદર્શપણે અનુરૂપ હોય.

## આ રજાઓ પૂર્વે આવતા શનિવારે-રવિવારે જોખમકારક પરિસ્થિતિથી બચતા રહો.
અમે એ બાબત સમજીએ છીએ કે પ્રવર્તમાન પ્રાંતીય Stay-At-Home હુકમ તમારામાંથી અનેક લોકો માટે હતાશામાં પરિણમ્યો છે. પરંતુ, પ્રવર્તમાન સ્વાસ્થ્ય સંભાળનાં સ્ત્રોતોનું રક્ષણ કરવા તેમજ એક વિશ્વસનીય અને સહાનુભૂતિદર્શક સંભાળ પૂરી પાડવાની અમારી ક્ષમતા માટે, એ બાબત મહત્ત્વપૂર્ણ છે કે આપણે **સાવચેત રહીએ** તેમજ **લોક-સ્વાસ્થ્યનાં માર્ગદર્શનોને અનુસરવાનું** ચાલુ રાખીએ - તમામ સમયે માસ્ક પહેરી રાખવું, હાથોને એવી રીતે સ્વચ્છ રાખવા કે જેથી હાનિકારક સૂક્ષ્મસજીવોથી બચી શકાય, ઘરમાં નિવાસ ન કરતા હોય તેવા બહારનાં વ્યક્તિઓથી સલામત અંતર જાળવવું તેમજ રોગની પરખ માટે વહેલાસર તપાસ કરાવવી.

કમનસીબે, પાછલા વર્ષમાં આપણે કોરોનાવાઈરસના સ્વરૂપનાં સાક્ષી બન્યાં છીએ: સૌથી સામાન્ય રજા પૈકીની એક રજા પછી થોડા જ વખતમાં COVID-19નાં નવા કેસોમાં ઓચિંતો ઉછાળો. માટે, આપણે જેમ-જેમ આ રજા પૂર્વે આવતા Victoria Dayનાં શનિવાર-રવિવાર તરફ આગળ ધપતા જઈએ છીએ, તેમ-તેમ અમે ફરીવાર તમારી મદદ લેવા અને સહકાર પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ.

**સાથે મળીને, આપણે આ સાઈકલને હણી શકીશું. સાજા રહો તેમજ બચતા રહો.**

અંતમાં, અમે એવું કહેવા માગીએ છીએ કે Durham ક્ષેત્ર સ્વાસ્થ્યપ્રદ બને એ બાબતને પ્રોત્સાહિત કરવા માટે તમે જે સતત ધૈર્ય, સમર્પણભાવ અને પ્રતિબદ્ધતા દાખવતા આવો છો એ બદલ અમે તમારા ફરીવાર આભારી છીએ.

Cynthia Davis
અધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી

Dr. Tony Stone
કર્મચારીવર્ગના અધ્યક્ષ